# સરકારી વિનયન કોલેજ અમીરગઢ

# CWDC

# 2019-20

# કરાટે પ્રોગ્રામ

**તારીખ : 14/12/2019**

સરકારી વિનયન કોલેજ, અમીરગઢ ખાતે તારીખ 13/12/2019 અને 14/12/2019 નાં રોજ C.W.D.C અંતર્ગત કરાટે માર્ગદર્શન સેમીનાર One-Day નેશનલ કરાટે તેમજ સ્ટેટ ચેમ્પિયન હિરલબેન વ્યાસના માર્ગદર્શન હસ્તક કોલેજની વિદ્યાર્થિનીઓએ કરાટે કરાવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમજ હિરલ ને પણ ખુબ જ ઉત્સાહ અને ઉમંગથી આવું નવી ટેકનીક પછી કઈ રીતે પોતાનું સ્વ-રક્ષણ કરી શકાય છે તે શીખવ્યું હતું જે બદલ માનનીય કોલેજના આચાર્યશ્રી સાહેબે પણ તેમાં સહયોગ આપ્યો હતો.





# વિશ્વ મહિલા દિનની ઉજવણી

સરકારી વિનયન કોલેજ અમીરગઢમાં N.S.S. અને C.W.D.C. દ્વારા તા-૧૧/03/૨૦૨૦ ના રોજ વિશ્વ મહિલા દિનની ઉજવણી અંતર્ગત મહિલા સ્વાસ્થ્ય અને સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અમીરગઢ  રેફરલ હોસ્પિટલમાંથી મેડિકલ ઓફિસર ડો. ડી.બી. મહેતા તથા ડો. હિતેષ પટેલ તેમજ મહિલા હેલ્થ સુપરવાઇઝર ફાતમા બેન તથા મહિલા હેલ્થ વર્કર નિકિતાબેન પરમાર તેમજ આશા વર્કર બહેનો હાજર રહ્યા હતા. પ્રાર્થના તેમજ સ્વાગત પછી ડો. મહેતા સાહેબે વિદ્યાર્થીઓને માહિતિ આપી હતી. પછી વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનોને અલગ-અલગ બેસાડી તેમની સમસ્યાઓ વિશે પ્રશ્નોત્તરી યોજાઇ હતી. સ્ત્રીરોગ વિશેના પ્રશ્નો વિશે ડો. સાહેબે સુંદર માર્ગદર્શન આપ્યુ હતુ. આ સમગ્ર કાર્યક્રમના ફોટોગ્રાફ આ સાથે સામેલ છે.






# સરકારી વિનયન કોલેજ અમીરગઢ

# CWDC

# 2020-21

# વિશ્વ મહિલા દિનની ઉજવણી

**તારીખ :  8/3/2021**

કાર્યક્રમની પ્રવૃત્તિ : વિશ્વ મહિલા દિનની ઉજવણી નિમિત્તે ઓનલાઇન ક્વીઝ યોજાઇ. જેમાં વિશ્વ માં વિવિધ ક્ષેત્રે નામાંકિત મહિલાઓ ને લગતા પ્રશ્નો મુકવામાં આવ્યા હતા. તેમાં ૧૨૦ વિદ્યાર્થીઓ એ ક્વીઝ ભરી હતી.

## ક્વીઝ માટેની લીંક :

**Dr. Manjula Parmar** <prakash2584@gmail.com> Tue, Mar 9, 10:21 AM

to me

https://forms.office.com/Pages/ResponsePage.aspx?id=Xxf6fLGdEkOQJDDSf78yH1hDPtqufptKpjm5n8aTigBUODZGNU5FMVc0MFBKSjFIUTNLVFRVN1JBUy4u

**કાર્યક્રમના  આયોજક**

**ડો. વિનોદ ચૌધરી**

**આચાર્ય શ્રી, સરકારી વિનયન કોલેજ અમીરગઢ**

**કાર્યક્રમનું સંચાલન –  ડો. મંજુલાબેન વી. પરમાર**

**અધ્યક્ષ - C.W.D.C. (વુમન સેલ)**

# મહિલા અને બાળ વિકાસ સેમીનાર

**તારીખ 2021/03/02 :**

સરકારી વિનયન કોલેજ અમીરગઢમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ પાલનપુર દ્વારા તારીખ 02/03/2021 ના રોજ એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જીલ્લા અને બાળ વિકાસ અધિકારીશ્રી સુલોચના પટેલ પ્રોટેકશન અધિકારી બી.કે. ગઢવી તેમજ તેમની ટીમ દ્વારા કાયદાકીય માર્ગદશન 2005 ઘરેલું હિસા અધિનિયમ હેઠળ માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું આ સંપૂણ કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રા. મંજુલા પરમારે કર્યું હતું.










# સરકારી વિનયન કોલેજ અમીરગઢ

# CWDC

# 2021-22

# પોષણ માસની ઉજવણી

સરકારી વિનયન કોલેજ અમીરગઢ - N.S.S, C.W.D.C. તથા સામુદાયિક સેવા ધારા અંતર્ગત પોષણ માસની ઉજવણી કરવામાં આવી, જેમાં સંવેદના ટ્રસ્ટ વિરમપુરથી યુનિસેફના સ્ટાફ ગણે હાજર રહી, કુ-પોષણ અંગેની જાણકારી આપી હતી. તેમજ તા-૩૦/૯/૨૦૨૧ ના રોજ કોલેજમાં વાનગી હરિફાઇ યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ નંબરે આસોડીયા રંજનબેન નારણ ભાઇ, બીજા નંબરે આસોડીયા હેમલ બેન જગદીશ ભાઇ તથા તૃતીય નંબરે રાઠોડ આંચલ વિક્રમ ભાઇ રહ્યા હતા. ડૉ. વિનોદ ચૌધરી તથા ભુપેન્દ્ર ભાઇ ચડોખિયા નિર્ણાયક તરીકે રહ્યા હતા. સમગ્ર કોલેજ પરિવારે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી ડૉ. નયન સોનારાના માર્ગદર્શન હેઠળ એન. એન. એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. મંજુલાબેન પરમારે કર્યું હતું.










દિવ્ય ભાસ્કર પાલનપુર 01-10-2021

## અમીરગઢની કોલેજમાં પોષણ માસની ઊજવણી

અમીરગઢ : સરકારી વિનયન કોલેજ અમીરગઢમાં એન.એસ.એસ. સીડબલ્યુડીસી તથા સામુદાયિક સેવા ધારા અંતર્ગત પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંવેદના ટ્રસ્ટ વિરમપુરથી યુનિસેફના સ્ટાફગણે હાજર રહી કુપોષણ અંગેની જાણકારી આપી હતી. તેમજ 30 સપ્ટેમ્બર-2021 ના રોજ કોલેજમાં વાનગી હરિફાઇ યોજી હતી. જેમાં પ્રથમ નંબરે રંજનબેન નારણભાઈ આસોડીયા, બીજા નંબરે હેમલબેન જગદીશભાઈ આસોડીયા તથા તૃતીય નંબરે આંચલ વિક્રમભાઈ રાઠોડ રહ્યા હતા. ડો. વિનોદ ચૌધરી તથા ભુપેન્દ્રભાઈ ચડોખીયા નિર્ણાયક તરીકે રહ્યા હતા. સમગ્ર કોલેજ પરિવારે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડો. નયન સોનારાના માર્ગદર્શન હેઠળ અને એનએસએસ પ્રોગ્રામ ઓફીસર ડો. મંજુલાબેન પરમારે કર્યું હતું.

• રામલાલ મીણા

# યુવા કૌશલ્ય દિવસની ઉજવણી

આજ રોજ સરકારી વિનયન કોલેજ અમીરગઢ તથા મહિલા અને બાળ વિભાગ બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે યુવા કૌશલ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મહિલા અને બાળ અધિકારી સુલોચનાબેન પટેલ તથા રમીલાબેન ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. આઈ.ટી.આઇ. કોલેજના સ્ટાફ દ્વારા કૌશલ્ય અંગે તાલીમ આપવામાં આવી હતી.





# મહિલા સુરક્ષા દિવસની ઉજવણી

તા- 1/08/2022

સરકારી વિનયન કોલેજ અમીરગઢ, N.S.S. તથા C.W.D.C.ના સંયુક્ત ઉપક્રમે તા- 1/8/2022 ના રોજ મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં મહેમાન પરિચય તથા શાબ્દિક સ્વાગત C.W.D.C.ના અધ્યક્ષ ડો. મંજુલા બેન પરમારે કર્યું હતું. અમીરગઢ પોલીસ સ્ટેશનમાંથી આશાબેન રાઠોડ તથા સબૂરી બેન દામા ઉપસ્થિત રહ્યા હતા. તથા મહિલા સુરક્ષા સબંધી વાત રજૂ કરી હતી. કોલેજની વિદ્યાર્થિનીએ શિવાંગી સોનારાએ આ વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. નાઈ ધરતીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આભારવિધિ ફરહીના શેખએ કરી હતી. આચાર્યશ્રી ડો. નયન સોનારાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.











# સરકારી વિનયન કોલેજ અમીરગઢ

# CWDC

# 2022-23

# અહેવાલ

સરકારી વિનયન કોલેજ અમીરગઢ ખાતે 3/1/2024 ના રોજ 'CWDC' અંતર્ગત કોલેજની બહેનો માટેની મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીની બહેનો 'હેલ્થ' માટે અવરનેસ કેળવે અને 'પ્રાકૃતિક આહારથી' થતા ફાયદા વિશે માર્ગદર્શન કેળવી પરિવાર અને સમાજને 'નશામુક્ત' બનાવવામાં પોતાનું યોગદાન અર્પે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ મિટિંગમાં કોલેજની વિદ્યાર્થીની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. એન. કે. સોનારાના માર્ગદર્શન હેઠળ "CWDC" ના કન્વીનર ડો. વર્ષા. એન. ચૌધરીએ અને સમગ્ર સ્ટાફ પરિવારે કર્યું હતું.



# અહેવાલ

સરકારી વિનયન કોલેજ અમીરગઢ ખાતે તા. 16/02/2023 ના રોજ બનાસકાંઠા પોલીસ સુરક્ષા અને કોલેજ કમિટી CWDC ના સંયુકત ઉપક્રમે પંદર દિવસની તાલીમ બહેનોને આપવામાં આવી હતી. આ તાલીમમાં વિર્ધાર્થીની બહેનોએ પોતાના સ્વનો બચાવ કેવી રીતે કરશે તે તાલીમની અભિવ્યક્તિ દ્વારા માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત પોલીસ વિભાગ તરફથી થત્તી મદદ વિશે સમાજમાં જાગ્રુતતા કેળવાય તે માટેનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી એન .કે.સોનારાના માર્ગદર્શન હેઠળ પ્રા.વર્ષા એન.ચૌધરીએ કર્યું હતું.










